ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૨૭ ઓક્ટોબર ૨૦૨૬

# આસપાસ ચોપાસ

આસપાસનાં પ્રદેશની સિધ્ધિ અને સમસ્યાની વાત...!






## એકતા, સહકાર અને વિકાસના સંગમથી નવી ઓળખ ઊભું કરતું પણસોલી

પણસોલી ટાઉન ટોક

# વિકાસની કેડીએ આગળ વધતું પણસોલી ગામ, સુવિધાઓમાં શહેરી વિસ્તારને આપે છે ટક્કર




વડોદરા જિલ્લાના ડભોઈ તાલુકાનું પણસોલી ગામ ગ્રામ્ય વિકાસની દિશામાં આગળ ધપતું રહીને સમગ્ર વડોદરા જીલ્લાના ગામોમાં અગ્રિમ હરોળનુ ગામ છે. ડભોઈથી બોડેલી-છોટાઉદેપુર તરફ જતા મુખ્ય માર્ગ પર આવેલું આ ગામ ભૌગોલિક સ્થાનની દૃષ્ટિએ ઘણું જ મહત્ત્વનુ છે. ગામમાં પાયાની સુવિધાઓના વિકાસ સાથે રહેણી-કરણીમાં પણ પરિવર્તન જોવા મળી રહ્યું છે. સુવિધાસભર ગ્રામ પંચાયત ભવન, પાકા રસ્તા અને પીવાના પાણીની વ્યવસ્થાને કારણે ગામને આધુનિક સુવિધાઓથી સજ્જ બનાવવાના પ્રયાસો દેખાઈ આવે છે.

પણસોલી ગામમાં રાઠોડિયા, ઠાકોર, વસાવા અને પટેલ સહિતના સમાજના લોકો વસવાટ કરે છે. વિવિધ સમાજોના સહઅસ્તિત્વથી ગામનું સામાજિક જીવન ઘડાયું છે. ગ્રામ્ય જીવનની પરંપરા, પરસ્પર સહકાર અને સ્થાનિક સ્તરે સુવિધાઓ વિકસાવવાની જરૂરિયાતો ગામના વિકાસમાં મહત્ત્વ ધરાવે છે. સ્થાનિક અંદાજ મુજબ મુખ્ય ગામની વસ્તી આશરે ૬૦૦ જેટલી હોવાનું જણાવાય છે.રોજિંદા કામકાજ માટે બહાર નીકળતા ગ્રામજનો, વાહનચાલકો અને અન્ય લોકોને પણ ગામના પાકા રસ્તાની સુવિધાનો લાભ મળે છે. ગામના આંતરિક માર્ગોનું સુવ્યવસ્થિત માળખું ગ્રામ્ય વિસ્તારની જીવનશૈલીને વધુ સુવિધાજનક બનાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

**ડભોઈથી બોડેલી-છોટાઉદેપુરના મુખ્ય માર્ગ પરઆવેલા ગામમાં આર.સી.સી. રસ્તા, નવીન બ્લોક અને વાસ્મો યોજના હેઠળની પાણીની ટાંકીઓથીસુવિધાઓનો વિસ્તાર**

ગ્રામજનોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા વાસ્મો યોજના હેઠળ પચાસ હજાર લિટર ક્ષમતા ધરાવતી બે પાણીની ટાંકીઓ બનાવવામાં આવી છે. આ પૈકી એક ટાંકી ગામમાં અને બીજી નવીનગરીમાં આવેલી છે. બંને ટાંકીઓ કાર્યરત હોવાનું જણાવાયું છે. પાણી જેવી પાયાની જરૂરિયાત માટે સંગ્રહની સુવિધા ઊભી થવાથી સ્થાનિક સ્તરે પાણીના વિતરણના વ્યવસ્થાપનને આધાર મળે છે. ઉપલબ્ધ માહિતી પ્રમાણે, ખેતી પણ ગામના આર્થિક જીવનનો એક મહત્ત્વનો આધાર છે. ડભોઈ તાલુકાના પણસોલી ગામના ખેતીવિષયક ઉપલબ્ધ રેકોર્ડમાં ડાંગર, તુવેર અને કપાસ જેવા પાકનો ઉલ્લેખ જોવા મળે છે. આમ, ગ્રામ્ય સંસ્કૃતિની ઓળખ જાળવીને પાયાની સુવિધાઓનું માળખું મજબૂત બનાવતું પણસોલી ગામ વિકાસની દિશામાં આગળ વધી રહ્યું છે. રસ્તા, પાણી અને પંચાયત ભવન જેવી સુવિધાઓની સાથે ભવિષ્યમાં શિક્ષણ, આરોગ્ય, સ્વચ્છતા અને રોજગારલક્ષી તકોનો વધુ વિસ્તાર થાય તો ગામના સર્વાંગી વિકાસને નવી ગતિ મળી શકે છે. પણસોલી ગ્રામ પંચાયતની વિશેષતા એ છે કે તેના વહીવટી કાર્યક્ષેત્રમાં પણસોલી ઉપરાંત નર્મદા વસાહત, સિંધિયાપુરા, સુંવાલજા અને સુરતીપુરા સહિતનાં વિસ્તારોનો સમાવેશ થાય છે. આથી ગ્રામ પંચાયતની જવાબદારી માત્ર એક ગામ પૂરતી સીમિત ન રહેતાં વિવિધ વસાહતો સુધી પાયાની સુવિધાઓ પહોંચાડવાની પણ છે. ગામમાં ગ્રામ પંચાયતનું નવીન અને સુવિધાસભર મકાન બનાવવામાં આવ્યું છે. ગ્રામ પંચાયત ગ્રામજનો અને સ્થાનિક વહીવટી તંત્ર વચ્ચેની મહત્ત્વની કડી હોવાથી આવા ભવનથી વહીવટી કામગીરી માટે યોગ્ય માળખું ઉપલબ્ધ બન્યું છે. ગામના વિકાસને લગતી જરૂરિયાતો, સ્થાનિક પ્રશ્નો અને નાગરિકલક્ષી સુવિધાઓના સંચાલનમાં પંચાયતની ભૂમિકા મહત્ત્વપૂર્ણ બની રહે છે. પણસોલી ગામના મુખ્ય ફળિયા, શેરીઓ અને મહોલ્લાઓમાં આર.સી.સી. રસ્તા તથા નવા બ્લોક બેસાડવામાં આવ્યા છે. પાકા રસ્તાઓથી ગામની આંતરિક અવરજવરને સુગમ બનાવવામાં મદદ મળે છે.

## પણસોલી જુથ ગ્રામ પંચાયતના વર્તમાન સરપંચ અને સભ્યો

| | |
|---|---|
| (૧) સરપંચ | હર્ષિલભાઈ અશ્વિનભાઈ પટેલ |
| (૨) ડે.સરપંચ | ગીતાબેન મદદેશભાઈ રાઠવા |
| (૩) સભ્ય | ગણપતભાઈ હીરાભાઈ તડવી |
| (૪) સભ્ય | ગિરીશ ભાઈ ધર્માભાઈ તડવી |
| (૫) સભ્ય | શિલ્પાબેન અશોકભાઈ તડવી |
| (૬) સભ્ય | અક્ષય ભાઈ રામાભાઇ તડવી |
| (૭) સભ્ય | વિપુલ ભાઈ બાલુભાઈ પાટણવાડિયા |
| (૮) સભ્ય | અનિતાબેન વિશ્રામભાઈ રાઠવા |

## પણસોલી જુથ ગ્રામ પંચાયતના પૂર્વ સરપંચ

| | |
|---|---|
| (૧) અંબાલાલ નાગજીભાઈ પટેલ | ૧૯૮૨ થી ૧૯૮૭ |
| (૨) અશ્વિનભાઈ છોટાભાઈ પટેલ (ત્રણ ટર્મ) | ૧૯૮૭ થી ૨૦૦૨ |
| (૩) અંદરિયાભાઈ ચીમાભાઈ રાઠવા | ૨૦૦૨ થી ૨૦૦૭ |
| (૪) અશ્વિનભાઈ છોટાભાઈ પટેલ | ૨૦૦૭ થી ૨૦૧૭ |
| (૪) કરશનભાઇ શનાભાઈ વસાવા | ૨૦૧૭ થી ૨૦૨૨ |
| (૫) વહીવટદાર | ૨૦૨૨ થી ૨૦૨૫ |
| (૬) હર્ષિલભાઈ અશ્વિનભાઇ પટેલ | ૨૦૨૫ થી |
| (૭) ઇન્ચાર્જ સરપંચ ગીતાબેન મદદેશભાઈ રાઠવા | |

## પદ કરતાં પ્રજાસેવાને પ્રાધાન્ય આપનાર જનપ્રતિનિધિનો ચાર દાયકાથી વધુ સમયથી પણસોલીના વિકાસ સાથે અતૂટ નાતો

ડભોઈ તાલુકાના પણસોલી ગામના વિકાસની વાત કરવામાં આવે ત્યારે અશ્વિનભાઈ છીતાભાઈ પટેલ (વકીલ)નું નામ અગ્રતાક્રમે લેવામાં આવે છે. વર્ષ ૧૯૭૯થી ગ્રામ પંચાયતના વહીવટ સાથે જોડાયેલા રહીને તેમણે ગામના વિકાસ, લોકોની સેવા અને પણસોલીને આગવી ઓળખ અપાવવાના ધ્યેયને જીવનનો અભિન્ન હિસ્સો બનાવ્યો છે. સરપંચ તરીકેની જવાબદારી હોય કે સહકારી ક્ષેત્રમાં નેતૃત્વ, જિલ્લા પંચાયતના સભ્ય તરીકેનું પ્રતિનિધિત્વ હોય કે ઉપપ્રમુખ અને શિક્ષણ સમિતિના ચેરમેન તરીકેની કામગીરી, વિવિધ જવાબદારીઓ વચ્ચે પણ તેમના માટે વતન અને વતનના લોકોનું હિત કેન્દ્રસ્થાને રહ્યું છે. હાલ તેઓ ડભોઈ ખાતે રહેતા હોવા છતાં દરરોજ પણસોલી જઈને ગ્રામજનોની રજૂઆતો સાંભળે છે, વિકાસકાર્યોની પ્રગતિની જાણકારી મેળવે છે અને ગામના હિતમાં જરૂરી માર્ગદર્શન આપે છે.



વર્ષ ૧૯૭૯થી સતત સરપંચ તરીકે અથવા તેમના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ પણસોલી ગ્રામ પંચાયતનો વહીવટ ચાલતો રહ્યો છે. તેમના માટે ગામનો વિકાસ કોઈ એક કાર્યકાળ પૂરતો કાર્યક્રમ નહીં, પરંતુ સતત ચાલતી જવાબદારી બની રહ્યો છે. અશ્વિનભાઈ પટેલ સતત ત્રણ ટર્મ સુધી બરોડા ડેરીના ડિરેક્ટર તરીકે ચૂંટાયા હતા. અશ્વિનભાઈ પટેલે વડોદરા જિલ્લા પંચાયતમાં પણ લાંબા સમય સુધી પ્રતિનિધિત્વ કર્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ, તેમણે જિલ્લા પંચાયતના સભ્ય તરીકે ચુંટાઈ આવ્યા બાદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ અને જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે પણ જવાબદારી સંભાળી હતી. આ વિવિધ હોદ્દાઓ અશ્વિનભાઈની જાહેર જીવનની સફરના અલગ- અલગ પડાવ છે. સ્થાનિક સ્વરાજની સંસ્થા, સહકારી ક્ષેત્ર અને જિલ્લા સ્તરના વહીવટમાં કામ કરવાથી ગ્રામ્ય જીવનના અનેક પાસાંઓનો અનુભવ મેળવવાની તક મળી હતી. અશ્વિનભાઈ પટેલના જાહેર જીવનની સફર સાથે હવે તેમના પુત્ર હર્ષિલ પટેલની રાજકીય સફર પણ જોડાઈ છે. હર્ષિલ પટેલ પણસોલી ગામના સરપંચ તરીકે કાર્યરત હતા. ત્યારબાદ તેમણે વડોદરા જિલ્લા પંચાયતની સીમળીયા બેઠક પરથી ચૂંટણી લડીને વિજય મેળવ્યો છે અને તેના પગલે સરપંચપદેથી રાજીનામું આપ્યું છે. તેમની ઓળખ માત્ર ભૂતકાળમાં સંભાળેલા હોદ્દાઓથી નહીં, પરંતુ આજે પણ પોતાના વતનના લોકો અને વિકાસકાર્યો સાથે જોડાયેલા રહેવાની કાર્યશૈલીથી પણ ઘડાય છે. ડભોઈમાં નિવાસ હોવા છતાં દરરોજ પણસોલી પહોંચવાની તેમની ટેવ વતન પ્રત્યેના લગાવની પ્રતીકાત્મક અભિવ્યક્તિ છે.

**ગામના સરપંચથી બરોડા ડેરીના ડિરેક્ટર અને વડોદરા જિ.પં. ઉપપ્રમુખ સુધીની સફર; આજે પણ વતનના વિકાસ માટે દરરોજ પણસોલી પહોંચે છે**

# ગાયકવાડ સરકારની જૂની શાળાથી આધુનિક શિક્ષણધામ સુધીની પ્રાથમિક શાળાની પ્રેરણાદાયી પ્રવૃત્તિઓ સરાહનીય





ગાયકવાડ સરકારના સમયગાળામાં નિર્મિત પણસોલી ગામની પ્રાથમિક શાળા આજે આધુનિક શિક્ષણધામ તરીકે નવી ઓળખ મેળવી રહી છે. એક સમયે લાલ ઈંટો, માટી અને ચૂનાથી બનેલા પતરાવાળા મકાનમાં પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થા હતી. જોકે, વર્ષો જૂનું મકાન જર્જરિત અને જોખમી બનતાં તેની જગ્યાએ સરકારની સર્વ શિક્ષા યોજના અંતર્ગત આધુનિક સુવિધાઓથી સજ્જ બે માળનું નવું શાળા ભવન બનાવવામાં આવ્યું છે. શાળાના નવા મકાનમાં આકર્ષક રંગરોગાન સાથે સ્વચ્છતા અને સુવિધાઓનું વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું છે. શાળાના પ્રાંગણથી પ્રવેશદ્વાર સુધી બ્લોક બેસાડવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓની સલામતી માટે છ ફૂટ ઊંચી મજબૂત કંપાઉન્ડ વોલ અને લોખંડનો દરવાજો બનાવવામાં આવ્યો છે. શાળાના પ્રાંગણમાં વિવિધ ફૂલછોડ અને વૃક્ષોની હરિયાળી વિદ્યાર્થીઓને સ્વચ્છ, શાંત અને પ્રફુલ્લિત વાતાવરણ પૂરું પાડે છે.

**શાળાના પ્રાંગણમાં વિવિધ ફૂલછોડ અને વૃક્ષોની હરિયાળી વિદ્યાર્થીઓને સ્વચ્છ, શાંત અને પ્રફુલ્લિત વાતાવરણ પૂરું પાડે છે**

શાળામાં માત્ર પાઠ્યપુસ્તકીય શિક્ષણ જ નહીં, પરંતુ બાળકોના શારીરિક અને માનસિક વિકાસને પણ પ્રાધાન્ય આપવામાં આવે છે. ગામના અગ્રણી અશ્વિનભાઈ વકીલ સમયાંતરે શાળાના પ્રાંગણમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે યોગાભ્યાસ કરે છે. આચાર્ય, શિક્ષકો અને વાલી મંડળના સહયોગથી વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ અને સર્વાંગી વિકાસની ભાવના કેળવવાના પ્રયાસો કરવામાં આવે છે. વિદ્યાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓનો લાભ પણ આપવામાં આવે છે. જેમાં મધ્યાહન ભોજન, આરોગ્ય તપાસ, વિવિધ શિષ્યવૃત્તિઓ અને શૈક્ષણિક સત્રના પ્રારંભે વિનામૂલ્યે ચોપડાં આપવાની સુવિધાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, વાર્ષિક રમતોત્સવ યોજીને બાળકોમાં રહેલી આંતરિક શક્તિ, રમતગમતની પ્રતિભા અને આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરવામાં આવે છે.પણસોલી પ્રાથમિક શાળા પરંપરાગત શિક્ષણના વારસાને જાળવી આધુનિક સુવિધાઓ, સંસ્કાર, સ્વાસ્થ્ય અને સર્વાંગી વિકાસના સમન્વય સાથે ગામના ભાવિ નાગરિકોના ઘડતરમાં પ્રેરણાદાયી ભૂમિકા ભજવી રહી છે.